જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૧૨/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૧૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૧૬ લીટર દેશી દારૂ, ૬૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૧૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૦૧૪/૨૦૨૩

**માધવપુરાઃ** અશોકભાઈ ગેલાભાઈ ડોરીયા (રહે. મંગલદીપ એપાર્ટમેન્ટ ગુલાબનગર ચાર રસ્તા અમરાઈવાડી) એ તા.૧૪/૧૨/૨૦૨૩ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૩ સાંજના ૭/૩૦ થી તા.૧૩/૧૨/૨૦૨૩ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાહપુર દરવાજા બહાર રાહત સર્કલ ખાતે “શ્રી શક્તિ ટ્રેડર્સ” નામની પોતાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૪,૫૯,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આઈ.એન.ઘાસુરા ચલાવે છે.

**અપમૃત્યું:-** **સમાચાર યાદી નં.૨૦૧૫/૨૦૨૩**

**સરખેજ:** સરખેજ સાકેત બંગલાની બાજુમાં અંદાજ પાર્ટી પ્લોટની પાછળ ઓરડીમાં રહેતા અને સરખેજ શાંતિપુરા સર્કલની બાજુમાં સહયોગ હોસ્પીટલની નજીકમાં RE-45 નામની નવી બનતી સાઈટ ખાતે કામ કરતા સંજયભાઈ દીતાભાઈ પસાયા (ઉ.વ.૨૧) (રહે. મુળ વતન. ગામ.પટેલ ફળીયુ વાકોટાગામ તા.ધાનપુર જી.દાહોદ) તા.૦૫/૧૨/૨૦૨૩ કલાક ૯/30 વાગ્યાના સુમારે નવી બનતી સાઈટ ખાતે ખોદકામ કરતા હતા ત્યારે તેમના ઉપર માટી પડતા દબાઈ ગયા હતા. સારવાર માટે તેમને મકરબા નિરોગ્મય હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૧૨/૨૦૨૩ કલાક ૧/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**આનંદનગર:** અજય રામજીવન યાદવ (ઉ.વ.૨૮) (રહે. નિલકંઠ એપાર્ટ્મેન્ટ બાપા સિતારામ ચોક નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૩ બપોરના ૪/૪૦ વાગ્યાના સુમારે સાંગ્રીલા ઓર્કડ પાછળ દુકાન નંબર-૧૪ પાછળ A.C માં ગેસ ભરતા હતા દરમ્યાન કમ્પ્રેસર બ્લાસ્ટ થતા ભડકો થતા દાઝી જતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રભાઈ અમથાભાઈ ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૨૦૧૬/૨૦૨૩**

**રિવરફ્રન્ટ વેસ્ટ:** ઉમેશ બિસંબરભાઈ બેળંબે (ઉ.વ.૩૫) (રહે. પુષ્પમાલા સોસાયટી ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૨/૨૦૨૩ રાતના ૮/00 વાગ્યા પહેલા પાલડી એન.આઈ.ડી. પાછળ ઘાટ નંબર-૧૧ પાસે વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ માધવસિંહ ચલાવે છે.

**બોડકદેવ:** વિપુલભાઇ રમેશભાઇ (ઉ.વ.૧૭) (રહે. રામદેવચોક વસંતનગર ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૨/૨૦૨૩ કલાક ૯/00 વાગ્યાના સુમારે મલાવ તળાવ થલતેજ ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નિર્મળસિંહ ચંદ્રસિંહ ચલાવે છે.

**ગોમતીપુર:** દર્શનભાઈ અશોકભાઈ પરમાર (રહે. રમણપુરાની ચાલી નગરી મીલ સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૩ કલાક ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશકુમાર જીવાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી